દર મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

# ભટ્ટ મેવાડા વર્તમાન

RNI NO. GUJGUJ/2008/28227

તંત્રી : અશોકકુમાર કૃષ્ણલાલ મહેતા

Gandhinagar

RNI NO. GUJGUJ/2008/28227
Post;L-2/RNP/G-GNR-266/09-11
Sector-07 Post, Gandhinagar
Valid Up to : 31 Dec. 2011
Rs. 5-00, Annual : Rs. 50-00

● વર્ષ : ૨ ● અંક : ૨ ● તા. ૧૫-૧૨-૦૯ ● પાના : ૮ ● છૂટક કિંમત - રૂા. ૫/- ● વાર્ષિક લવાજમ - રૂા. ૫૦/-

રજિ. કાર્યાલય : 'સુકૃતિ', પ્લોટ નં. ૬૮/૧, સેક્ટર-૩/એ (ન્યુ), ગાંધીનગર-૩૮૨ ૦૦૬ (ગુજરાત) ● મો. 98244 59694

# અમે, ભટ્ટ મેવાડા...

**- શ્રી રામકૃષ્ણ શિવશંકર મહેતા (ખંભાત)**

જ્યારે કન્યા પાસે આવીને ગોળનું પાણી છાંટે ત્યારે વરે ઊભા થવું અને ગોળના નાગનું પૂજન કરી દીવો પ્રકટાવવો અને સ્તુતિ કરીને જ લગ્ન કરવા જવું એવો રિવાજ છે. આમ મેવાડા બ્રાહ્મણોમાં ઉત્પત્તિ ભેદ છે. ઉદયપુર નિવાસી શ્રીમતી ચંદ્રિકા વિષ્ણુદત્ત ભટ્ટ મેવાડાના મતે ભટ્ટ મેવાડા પ્રસિધ્ધ ઈતિહાસવેત્તા ડૉ. ગોપીનાથ શર્માના જણાવ્યા અનુસાર ભટ્ટ મેવાડા બ્રાહ્મણોની ઉત્પત્તિ વિષે પણ લોક ગાથાઓ અને અનુશ્રુતિઓને આધારે સામાજિક વર્ગો, જનસમૂહો, કબિલા વગેરાના ધૂંધળા ચિત્રના આધારે પ્રસ્તુત કરી શકાય. ભટ્ટ મેવાડા બ્રાહ્મણો દીર્ઘકાળથી ગુજરાત, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, મેવાડ, વાગડ, પ્રતાપગઢ, જયપુર, બનારસ વગેરે સ્થળોએ નિવાસ કરતા આવ્યા છે.

'ભટ્ટ' શબ્દનો પ્રયોગ એવા બ્રાહ્મણો માટે થાય છે, જે દક્ષિણાત્ય થવા સાથે વિદ્વાન અને આચાર-વિચારમાં પવિત્ર હોય. આ વાત ચાલુક્યોના શિલાલેખોમાં જાણવા મળે છે. 'ભટ્ટ' શબ્દ પ્રયોગ એવા બ્રાહ્મણો માટે થાય છે જેઓ રાજ્યાશ્રય થકી સન્માનિત થયેલા હોય છે અને તેમનો મુખ્ય વ્યવસાય પઠન, પાઠન, કર્મકાંડ તથા ભજન-કિર્તન હોય છે.

ડૉ. ગોપીનાથ શર્માના મતે 'ભટ્ટો' ના વિસ્તારની કથા લાંબી છે. ઈસુની પાંચમી સદીમાં પશ્ચિમ ભારત તથા તટીય ભાગોના રહેવાસીઓના જીવનમાં એક નવો જ મોડ આવ્યો . માસૂમે બહારના મતે એશિયાઈ વિસ્તારોમાંથી ખાસ કરીને અરબના દેશોમાંથી અનેક વ્યાપારીઓ આપણા દેશમાં આવન-જાવન કરવા લાગ્યા. આ સાથે ઈસ્લામ ધર્મના પ્રચારકો પણ સિંધ, ગુજરાત, સૌરાષ્ટ્ર વગેરે પ્રાંતોમાં આવ્યા. આને કારણે આ પ્રાંતોની સામાજિક પરિસ્થિતિમાં નવી હલચલ શરૂ થઈ. ધીરે ધીરે સંસ્થાપન અને વિસ્થાપની પ્રક્રિયા શરૂ થઈ. સાતમી સદીમાં સિંધના અનેક ભાગો પર આરબ આક્રમણોનો દોર શરૂ થયો ત્યારે ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક રાજ્ય પરિવારના સામંતો આશ્રિતો અને નિકટતમ સમુદાયો સહિત એવા સ્થાનોની શોધમાં નીકળી પડ્યા, જ્યાં તેઓ સ્થાયી થઈ શાંતિપૂર્વક સુદઢ રાજ્ય સ્થાપિત કરી શકે. એમનો વિચાર એવો પણ હતો કે જુદા જુદા રાજકીય શાસકોને ભેગાં કરી ભવિષ્યમાં આવનારા આરબો અને તુર્કોના આક્રમણનો સામનો કરવો. એ જ વખતે હર્ષના સામ્રાજ્યનું પતન થયું અને ઉત્તર ભારતમાં ખાસ કરીને રાજસ્થાનમાં રાજનૈતિક વિઘટનની સ્થિતિ ઉત્પન્ન થઈ. જે કોઈપણ મહત્ત્વાકાંક્ષી સબળ વિજેતાને અનુકૂળ હતી.

આ પરિસ્થિતનો લાભ ઉઠાવનાર રાજવંશોમાં ગોહિલ વંશના રાજાઓ અગ્રેસર હતા. છઠ્ઠી શતાબ્દીની આસપાસ ગોહિલ રાજા પોતાની ફોજ સાથે ઈડર તથા વાગડ થઈ મેવાડના પર્વતીય પ્રદેશ સુધી આવી પહોંચ્યો. સન ૬૪૬ના સોમાલીના લેખના આધારે કમલાવતી બ્રાહ્મણીને ત્યાં ગોહિલ આશ્રય લેવા આવ્યો હતો તેની પુષ્ટિ થાય છે. ગુજરાતમાંથી મેવાડમાં વસવાટની પ્રક્રિયામાં અનેક પરિવારો સામેલ થયા જેમાં 'ભટ્ટ' મુખ્ય છે. આ પ્રક્રિયા દરમ્યાન ઈડર, વાગડ, છપ્પન અને મેવાડમાં ભટ્ટ મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિ મેવાડમાં આવીને વસી ગઈ અને ધીરે ધીરે બીજી મેવાડા જાતિઓ સાથે રહી ભટ્ટ મેવાડા તરીકે ઓળખાવા લાગ્યા. આ રીતે મેવાડમાં ગોહિલોના ઉદય સાથે ભટ્ટ મેવાડા જ્ઞાતિના ક્રમબધ્ધ ઈતિહાસના શ્રીગણેશ થયા. અનુશ્રુતિઓના આધારે કહેવાય છે કે નાગદાહ (નાગદા)માં રહેતા બાપ્પા રાવલે, હારિત ઋષિની સેવા કરી અને તેમની પ્રસન્નતાને કારણે જ રાજ્યનો ખૂબ વિસ્તાર થયો. ઋષિની કૃપાથી બાપાને શ્રી એકલિંગજી ભગવાનનું સાનિધ્ય મળ્યું. આ રીતે મેવાડના ઈતિહાસમાં 'શ્રી એકલિંગજી - હારિત - બાપા રાવળની ત્રિમુખી શક્તિઓના સમન્વય સાથે ભટ્ટ મેવાડા બંધુઓની ભાગીદારી પણ જોવા મળે છે. જેવી રીતે મેવાડના રાજવંશ એકલિંગજી ભગવાનને જ ઈષ્ટદેવ માને છે તેવી જ રીતે ભટ્ટ મેવાડા જ્ઞાતિજનો એકલિંગજી ભગવાનને જ ઈષ્ટદેવ માને છે. આજે પણ ભટ્ટ મેવાડા પરિવારો ચાહે ગુજરાતમાં રહે કે વાગડમાં કે પછી મેવાડમાં પરંતુ એકલિંગજીમાં પરમ શ્રધ્ધા ધરાવે છે.' ડૉ. ગોપીનાથ શર્માના મતે ભટ્ટ મેવાડા સમાજના ઈતિહાસમાં ૧૨મી સદીની રાજનૈતિક ઘટનાઓ ખૂબ જ મહત્ત્વની છે. ૧૨મી સદીમાં ગુજરાતના સોલંકી વંશનું પ્રભુત્વ મેવાડમાં વધવા લાગ્યું ત્યારે મેવાડના સાશક સામંતસિંહને વાગડ તરફ જવા મજબૂર થવું પડ્યું. ત્યાં પણ એ વધુ સમય રહી ન શક્યા. કારણ કે ગુજરાતના સાશકનો પ્રભાવ ત્યાં પણ વધવા લાગ્યો. આવી ઘટનાઓના કારણે મેવાડ અને વાગડના કેટલાક ભટ્ટ મેવાડા પરિવારો ગુજરાતમાં આવી ગયા. પરંતુ ગુજરાત આવીને પણ ભટ્ટ મેવાડા તરીકે પોતાની ઓળખ ચાલુ જ રાખી. તઘલખ સલ્તનતના વિઘટન પછી ૧૪મી સદીમાં ગુજરાતમાં પરિસ્થિતિ થાળે પડી અને ત્યાંના પ્રાંતિય સુલતાને ઉદ્યોગ, ધંધા અને કલા-સાહિત્યને પ્રોત્સાહન આપ્યું ત્યારે અનેક ભટ્ટ મેવાડા પરિવારો ગુજરાતમાં આવીને અહીંના વધતા જતા વ્યાપાર-વાણિજ્યોનો લાભ લેવા લાગ્યા અને અહીં સ્થાયી થઈ ગયા. - સંપૂર્ણ

**હાય હેલ્લો છોડો... જય એકલિંગજી બોલો...**

## તંત્રી સ્થાનેથી....

### મહોબ્બત જ ખપે !

બે-ત્રણ અંક પહેલાં મહોબ્બત ખપે વિષે લખેલા તંત્રીલેખના સંદર્ભમાં બે-ત્રણ મિત્રો સાથે ચર્ચા થઈ. એકનું કહેવું હતું કે મહોબ્બત ખપે તે વાત સૈદ્ધાંતિક રીતે સાચી હોઈ શકે, પરંતુ વ્યવહારમાં હાલના સંજોગોમાં તો નફરત ખપતી હોય તેમ લાગે છે. બીજા મિત્રોએ પણ એ જ સૂર પૂરાવ્યો – જો મહોબ્બતની ખપત હોય તો આટલી નફરત શા માટે ?

મને લાગે છે કે મહોબ્બતની અછતને કારણે મહોબ્બતની ખપત નથી. મહોબ્બતની અવેજીમાં નફરતની ખપત વધી ગઈ છે. જે વસ્તુની અછત હોય તેનાં કાળા બજાર થાય, ખપત ના થાય. મહોબ્બત વસ્તુ છે વહેંચવાની – લૂંટાવવાની. પરંતુ આપણે દિવસે દિવસે પઝેસીવ થતા જઈએ છીએ. અન્ય ભૌતિક વસ્તુઓની જેમ મહોબ્બતને પણ સાચવીને – સંગ્રહીને રાખતા થઈ ગયા છીએ. ધનની જેમ મહોબ્બતને પણ તિજોરીમાં કે બેંકના સેઈફ ડિપોઝીટ વૉલ્ટમાં તાળામાં મૂકતા થઈ ગયા છીએ. આપણને સતત એવો ભાસ થતો રહે છે કે કોઈ આપણી મહોબ્બત લઈ જશે. આજ કારણથી મહોબ્બતની કૃત્રિમ અછત સર્જાઈ છે અને પરિણામ સ્વરૂપે નફરતની ખપત વધી છે. એક શાયરે એ વાતનું સુંદર નિરૂપણ કર્યું છે, કે આપણે ભ્રમમાં છીએ કે કોઈ આપણી મહોબ્બત ચોરીને લઈ જઈ રહ્યું છે.

શાયદ તેરી મુહબ્બત કોઈ ચૂરા રહા હૈ
બનકર નસાત રૂહે—મહજૂં પે છા રહા હૈ
રૂહે - તરબ કી સૂરત ગમમેં સમા રહા હૈ
અશ્કોં મેં મુસ્કુરાકર આહો મેં ગા રહા હૈ –
શાયદ તેરી મુહબ્બત કોઈ ચુરા રહા હૈ.
બે સમ્ત-ઓ-બેજિહત એક આલમ હૈ ઓર મૈં હૂં
ઈક સહર, એક ફઝાએ - મુહબમ હૈ ઔર મૈં હૂં
જૈસે બગૈર ભૂલે કુછ યાદ આ રહા હૈ
શાયદ તેરી મુહબ્બત કોઈ ચુરા રહા હૈ.
રાતોં કી નીંદ બનકર છિપતા હુઆ નજરસે
દિલ મેં મેરે સમાને રાતોં કી રહ ગુજરસે
મુઝ કો સુલા સુલા કે ખ્વાબોં મેં આ રહા હૈ
શાયદ તેરી મુહોબ્બત કોઈ ચુરા રહા હૈ.
જિસ તર્હ દોસ્ત ગુજરે દિવાના વાર કોઈ
ઔરફિર ઉસે પુકારે બેઈખ્તિયાર કોઈ
મેરે કરીબ હો કર કોઈ ઈસ તરહ જા રહા હૈ
શાયદ તેરી મુહબ્બત કોઈ ચુરા રહા હૈ
છેડા હૈ સાજે-માહે-કામિલ ફલક પે જાકર
મસહૂર કર રહા હૈ, કિરનોં કી લય મેં ગાકર
બે-સોત-ઓ-બે-સદા ઈક નગમા સૂના રહા હૈ
શાયદ તેરી મુહબ્બત કોઈ ચુરા રહા હૈ –

આવા ચોર માટે બારણું ખુલ્લું રાખવું પડશે. તેને આવકારવો પડશે. જો મહોબ્બત-પ્રેમ લૂંટાશે, તેની છત થશે તો જ તેની ખપત વધશે, નફરત નાશ પામશે અને ચારે બાજુ પ્રેમ, પ્રેમ અને પ્રેમની વર્ષા થશે.

## ધનનું મહત્વ

यस्यास्ति वित्तं स नरः कुलिनः
स पंडितः स श्रुतवान् गुणज्ञः ।
स एव वक्ता स च दर्शनीयः
सर्वे गुणाः कांचनमाश्रयन्ते ।।

જે ધનવાન છે તે માણસ કુળવાન, પંડિત, શાસ્ત્રોને જાણકાર, ગુણોનો પારખુ, સારો વક્તા અને દેખાવડો છે. આમ, તમામ ગુણો સોનાને આશ્રયે રહેલા છે.

**– પ્રો. ડૉ. જગદીશભાઈ એસ. જોશી, હિંમતનગર**

## જીવનનું રહસ્ય

તમે કોઈ દિવસ વિચાર કર્યો છે કે દરરોજ જીવાતું જીવન આપણને કેમ સાર્થકતાનો અનુભવ નથી કરાવતું ? કારણ સાવ સીધું છે : આપણું મન.

શાંતિથી વિચારશો તો જણાશે કે જીવન એક જ કાળનું બનેલું છે – વર્તમાનકાળનું. વર્તમાનની ક્ષણ એક ઠોસ અને નક્કર હકીકત છે. ભૂતકાળ એ કાલ્પનિક છે, કારણ કે એનો દેવ વીતી ગયેલી ક્ષણોની મૃતસ્મૃતિ માત્ર છે. ભૂતકાળ વીતી ગયો; સ્મૃતિશેષ રહ્યો; એ હવે નહીં આવે કે નહીં બદલી શકાય.

એવું જ ભવિષ્યકાળનું છે. એ હજુ આવ્યો જ નથી. માત્ર આપણે એના વિષે કલ્પના કરી રહ્યા છીએ. કલ્પના કરતી વેળા આપણે જાણીએ પણ છીએ કે, ''ન જાણે જાનકી નાથે, સવારે શું થવાનું છે ?'' આમ બિલકુલ મૂર્ખતા કરી આપણે ભૂતકાળની સ્મૃતિઓમાં જીવીએ છીએ કે ભવિષ્યની આશામાં. અને બન્ને રીતથી જીવતાં વર્તમાનની કોહીનૂરી ક્ષણોને ધૂળમાં મેળવીએ છીએ.

સમયઘડીમાં વચ્ચે સાંકડી નળીમાંથી રેતીનો એક એક કણ નીચે સરકતો જોજો. એ છે આપણી વર્તમાનની ક્ષણ. એમાં જ છે જીવનની ગતિ, પ્રગતિ.

સાચું જીવન એટલે વર્તમાનની ક્ષણને સંપૂર્ણ સજાગતાથી, સાક્ષી ભાવથી જીવી જવું. વર્તમાનની ક્ષણને સંપૂર્ણ રીતે જીવી જીવનને સાર્થકતા અને આલોકથી ભરી દો. સમગ્ર જીવન સાર્થક બની જશે. કારણ કે તમારું જીવન નાની નાની ક્ષણોને વિરાટ સરવાળો છે.

**– નલિન ઉપાધ્યાય**

# મેયર આવાય હોય !



હું જયારે સરકારી નોકરીમાં હતો ત્યારે વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી પ્રસંગે શેઠ મંગળદાસ ટાઉન હૉલ, અમદાવાદ ખાતે એક પરિસંવાદ રાખેલો. હૉલમાં વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અમે હૉલના પ્રવેશ દ્વાર પર ઊભા રહીએ અને પ્રેક્ષકોને ચાળી ચાળીને પ્રવેશ આપીએ. જુવાનીયા હોય, સામાન્ય માણસો હોય, શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ હોય એ બધાને ઉપરના માળે મોકલતા અને વ્યવસ્થિત લાગતા, પરિવાર સાથે આવ્યા હોય તેમને તથા વી.આઈ.પી.ઓને નીચે બેઠક માટે મોકલતા. એક લેંઘા-ઝભ્ભાધારી ઓલિયા જેવા કાકા પગથિયાં ચઢયા ત્યારે અમારા એક કર્મચારીએ તેમને ઉપરના માળે જવા કહ્યું. કાકા તો દાદર ચઢવા લાગ્યા. ત્યાં જ મારી નજર તેમના ઉપર પડી. હું ઓળખી ગયો અને તેમને માનપૂર્વક દોરીને નીચે સ્ટેજ સુધી લઈ ગયો. પાછો પ્રવેશ દ્વારે આવ્યો ત્યારે પેલો કર્મચારી કહે કે, ''મેં કાકાને ઉપર જવા કહ્યું તો તમે તેમને નીચે કેમ લઈ ગયા ?'' મેં કહ્યું કે આ કોઈ સામાન્ય વ્યક્તિ નથી. આ તો અમદાવાદના મેયર અને આજના આપણા સમારંભના અતિથિ વિશેષ છે.'' તો પેલો કર્મચારી કહે, ''મેયર આવા હોય ?'' મેં કહ્યું, ''મેયર આવાય હોય !''

આ મેયર એટલે આપણી જ જ્ઞાતિના અને અમદાવાદના લોકલાડિલા લોકનેતા **સ્વ. શ્રી જયેન્દ્રભાઈ પંડિત.**

તા. ૧૩-૧૨-૧૯૨૦ ના રોજ અમદાવાદમાં અતિ સામાન્ય કુટુંબમાં જન્મેલા સ્વ. જયેન્દ્રભાઈ સીટી સ્કૂલમાં અભ્યાસ કરતાં. તેમની મૂળ અટક જોશી. પરંતુ દાદા નાનાલાલ વૈદુ કરતાં તેથી તેઓની અટક વૈદ્ય પડી. પરંતુ શ્રી જયેન્દ્રભાઈ ચીનુભગતની મંડળીમાં જઈ પૂજા-ચાંદલા કરતા તેથી તેઓ પંડિત તરીકે ઓળખાવા લાગ્યા.

નાનપણમાં જ પિતા ત્રિકમલાલના અવસાનને કારણે માતા કલાવતી બાની પરવરિશ હેઠળ જયેન્દ્રભાઈ કારમી ગરીબીમાં ઉછર્યાં. કલાવતી બા એટલે ગુજરાતના જાણીતા અંબુભાઈ પુરાણીના સગા બહેન.

સામાન્ય અભ્યાસ બાદ પંડિતજીએ જીવન નિર્વાહમાં મદદરૂપ થવા દુકાનોમાં નાની-નાની નોકરીઓ કરવા માંડી. ભારત માતાની સેવા કરવાના ઉચ્ચ આશયથી તેઓ સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયા. ૧૯૪૨ની સ્વતંત્ર્ય ક્રાંતિમાં બાવીસ વર્ષની યુવાન વયે સક્રિય ભાગ લઈ કારાવાસ ભોગવ્યો. ત્યાર પછી તેમની વિચાર સરણી, કાર્ય અને જીવનક્ષેત્ર બધું જ બદલાઈ ગયું. તેમણે માત્ર લોક સેવા અને જાહેર જીવનને જ પોતાનો જીવનમંત્ર બનાવ્યો.

મહાગુજરાતનું આંદોલન હોય કે કટોકટી કે પછી મોંઘવારીનું આંદોલન, અનેક આંદોલનોની આગેવાની લઈ તેઓ સતત લોકોની વચ્ચે, લોકોની સાથે લોક-સેવક તરીકે જ રહ્યાં. દરમ્યાન મહાગુજરાતના આંદોલન તથા કટોકટી વેળાએ પંડિતજીએ જેલવાસ પણ વેઠયો.

આપણી જ જ્ઞાતિના અગ્રણી સ્વ. શ્રી બ્રહ્મકુમાર ભટ્ટની પ્રેરણાથી રાજકારણમાં પ્રવેશ્યા અને ખાડિયાની પ્રતિષ્ઠિત બેઠક પરથી દિગજ્જોને હરાવી કાઉન્સીલર તરીકે ચૂંટાઈ આવ્યા. આ પછી ખાડિયાની બેઠક પરથી પંડિતજી લાગલગાટ ચૂંટાતા રહ્યા. ૧૯૭૬માં ડેપ્યુટી મેયર અને ૧૯૮૭માં મેયર બન્યા.

જયારે કોમી રમખાણ થાય ત્યારે પંડિતજી એક માત્ર એવા નેતા હતા કે જેઓ મુસ્લિમ વિસ્તારમાં જઈને મુસ્લિમોને શાંતિ રાખવા વિનંતી કરી શકતા અને મુસ્લિમો તેમનું માન પણ રાખતા.

મેયર બન્યા ત્યાં સુધી પંડિતજી ઢાળની પોળમાં જનતા સ્ટોર્સના નામ નાનકડી કરિયાણાની દુકાન ચલાવતા. ઘણી વખત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જાય ત્યારે દુકાન ખુલ્લી મુકીને જાય. ગ્રાહક આવે તો ઘરની દુકાન સમજી જે જોઈએ તે લઈલે અને પૈસા ગલ્લામાં મૂકી દે. મેયરપદે બેસવાના આગલા દિવસે ઢાળની પોળમાં ભરીયાની ખડકીના નાકે આવેલી પોતાના જનતા સ્ટોર્સમાં પંડિતજી પડીકાં વાળતા હતા ત્યારે વિખ્યાત ફોટોગ્રાફર શ્રી ઝવેરીલાલ મહેતાએ તેમનો ફોટો પાડ્યો હતો જે ગુજરાત સમાચારના પહેલાં પાને છપાયો ત્યારે શ્રી ઝવેરીલાલે કહ્યું હતું કે આ શહેરને પ્રમાણિક અને લોકસેવક મેયર તરીકે મળી રહ્યો છે. પંડિતજી મેયર બન્યા તેની નોંધ રાષ્ટ્રીય સ્તરે લેવાઈ હતી. પંડિતજીની શપથવિધિ વખતે લોકઉત્સાહ એવો તો પ્રચંડ હતો કે તત્કાલિન ફાયર ચીફ, ઑફિસર શ્રી દસ્તુરે ભીડને ખાળવા રીતસર ધક્કા મારવા પડ્યા હતા.

મેયર બન્યા પછી લૉ ગાર્ડન સ્થિત મેયર બંગલે રહેવા જવાને બદલે પંડિતજીએ ઢાળની પોળે જ રહેવાનું પસંદ કર્યું, કારણ કે અર્ધી રાતે પણ કોઈને પંડિતજીનું કામ પડે તો પોળમાં પોતે તત્કાળ મળી શકે. વળી, પોતાને બંગલામાં રહેવાની ટેવ પડે તે પણ ખોટું ને ? મ્યુનિસિપાલિટીને કરકસર થાય તે વધારાનો લાભ !

પંડિતજીને ફાળવવામાં આવેલી સત્તાવાર કારનો ઉપયોગ

(અનુ. પાન નં. ૫ પર)

## વાંચકોના પ્રતિભાવ

❉ આણંદથી શ્રી ભગવતી પ્રસાદ એસ. ભટ્ટ લખે છે કે આપણું ભટ્ટ મેવાડા વર્તમાન પ્રસંશાને પાત્ર છે. તેમાં ઘણી બધી કોલમો ખૂબ વખાણવા લાયક છે. શ્રી ભગવતી પ્રસાદનું સૂચન છે કે વૈવાહિક વિજ્ઞાપનમાં વર-કન્યાના મૂળ વતન તથા રહેઠાણને ઉલ્લેખ કરો તો વધુ ઉપયોગી થઈ પડશે.

❉ વણાકબોરીથી શ્રી હરીશચંદ્ર જી. વ્યાસ ભટ્ટ મેવાડા વર્તમાનને હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

❉ મહેસાણાથી ધમેન્દ્રભાઈ પંડ્યાનો પત્ર છે. તેમણે સુવાક્યો લખીને મોકલ્યા છે. યથાયોગ્ય સમયે, 'ભટ્ટ મેવાડા વર્તમાન'માં તેનો સમાવેશ કરી શકાશે.

## સાભાર સ્વીકાર

ઉદયપુર, રાજસ્થાનથી શ્રીમતી ચંદ્રિકા ભટ્ટ મેવાડા સંપાદિત પુસ્તક ''વિષ્ણુ-ચંદ્રિકા'' 'ભટ્ટ મેવાડા વર્તમાન'ને શુભેચ્છાપ્રત તરીકે મળેલ છે, જેનો સાભાર સ્વીકાર કરીએ છીએ.

સદર પુસ્તકમાં ભટ્ટ મેવાડા જ્ઞાતિ વિષે જાણવા યોગ્ય માહિતી, રાજસ્થાનમાં (મેવાડમાં) જ્ઞાતિના વિવિધ શુભ પ્રસંગોએ કરવામાં આવતા રીત-રિવાજો, ગીતો તથા ગરબાઓનું આલેખન સુંદર રીતે કરવામાં આવ્યું છે, જે જિજ્ઞાસુઓ માટે ઉપયોગી છે.


LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

*With Best Compliments From*

**Sonu N. Bhatt**

**(AGENT)**

**NSC, KVP, MIS, R.D., SMALL SAVINGS SCHEME, LIC, UTI, PPF, COS. DEPOSITS, SRGE, ICICI MUTUTAL FUND, RBI RELIEF BONDS.**

RESIDENCE : PLOT NO. 152/2,
ANAND VATIKA SOCIETY,
SECTOR-22, GANDHINAGAR-382022.

**PH. : 079-23227798, (M) 98980 27798**


# ભટ્ટ મેવાડા સમાજ, ગાંધીનગર યોજે છે - સમૂહ યજ્ઞોપવિત

ભટ્ટ મેવાડા સમાજ, ગાંધીનગર દ્વારા આગામી દિવસોમાં સમૂહ યજ્ઞોપવિત સંસ્કારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ જ્ઞાતિજનો પોતાના સંતાનોને યજ્ઞોપવિત અપાવવા ઈચ્છતા હોય તેમણે બટુકોના નામ તા. ૧૪-૧-૨૦૧૦ સુધીમાં શ્રી રમેશભાઈ જોષી, શ્રી પ્રકાશભાઈ ભટ્ટ, શ્રી બિપીનભાઈ જોષી અથવા શ્રી વ્યોમેશભાઈ દીક્ષિતને નોંધાવી દેવાના રહેશે.

# શિયાળાનું વસાણુ મેથીપાક

**- અનિલા મહેતા**

શિયાળાની ઋતુ એટલે તંદુરસ્તી પ્રાપ્ત કરવાની ઋતુ. સવારે લોકો મોર્નિંગ વોકમાં જાય. હળવી કસરતો કરે અને આહારમાં ઘીર, ગોળ, બાજરાના રોટલા, શાકભાજી લે. વધારામાં ચ્યવનપ્રવાશ કે અડદિયા પાક કે મેથીપાક જેવા વસાણા લે. ખરેખર શિયાળો સૌને ગમતી ઋતુ છે. આજે આપણે શિયાળાના વસાણા મેથીપાક વિષે જાણીશું.

સામગ્રી : અડદ દાળનો લોટ ૨૫૦ ગ્રામ, ચણાની દાળનો લોટ ૨૫૦ ગ્રામ, ઘઉંનો લોટ ૨૫૦ ગ્રામ, મેથીનો લોટ ૫૦૦ ગ્રામ, (ચાળીને લેવો) ગુંદર - વાટીને ફૂલાવી લેવો. કોપરાં ૫૦૦ ગ્રામ - ખમણીને સાંતળવા. સૂંઠ-૧૦૦ ગ્રામ મરી, તજ, લવિંગ, એલચી, ધોળી/કાળી મૂસળી, તમાલપત્ર (ના નાખો તો પણ ચાલે), બદામ, લાલ દ્રાક્ષ, ખસખસ, ગોળ, ગોળને ઘી માં વધારે ગરમ થવા દેવો. જામફળ-જાવંત્રી વાટીને મેંદા ચાળણીથી ચાળી નાખવા. ક્રિસ્ટલ તથા ઘી.

રીત : અડદ, ચણા, ઘઉંના લોટને જુદા જુદા શેકીને રાખવા. ત્રણેય લોટ થોડા ઠંડા પડે એટલે તેમાં મેથીનો લોટ ભેળવી દેવો. ત્યાર બાદ તેમાં સાંતળેલા કોપરાનાં ખમણને ભેળવી દેવું. ઘી-ગોળના ગરમ મિશ્રણમાં તમામ પ્રકારનો લોટ ભેળવી દેવો. ત્યાર બાદ તેમાં વાટેલા તેજાના તથા સમારેલો સૂકો મેવો ભેળવી માપસરના લાડુ બનાવી દેવા. લો થઈ ગયો મેથીપાક તૈયાર.

**ત્રણ વાના મુજને મળ્યાં; હૈયું, મસ્તક, હાથ**
**બહુ દઈ દીધું નાથ, જા, ચોથું નથી માગવું.**

- ઉમાશંકર જોશી

### મન મોતી તન કંચન વરણું
### વહે સ્વાસ્થ્યનું અમૃત ઝરણું

# નવજાત શિશુની સંભાળ

- નવજાત શિશુની ત્વચા ઘણી જ કુમળી હોય છે. આથી તેને સુંવાળા કપડાંમાં રાખવું જરૂરી છે.
- બાળકને ચુસ્ત કપડાં ન પહેરાવતાં ખુલ્લાં કપડાં પહેરાવવાં જોઈએ.
- બાળકની આંખો હંમેશા હૂંફાળા પાણીના પૂમડાંથી સાફ કરવી જોઈએ.
- બાળકને જન્મ પછી તરતજ સમયાંતરે છ ઘાતક રોગો વિરોધી રસીઓ મૂકાવવી જોઈએ.
- જન્મ પછી બાળકને જેમ બને તેમ વહેલું સ્તનપાન કરાવવું જોઈએ.
- બાળકનું સમયાંતરે નિયમિતપણે વજન કરાવવું જોઈએ, જેથી તેની વૃદ્ધિનો ખ્યાલ આવી શકે.
- નવજાત શિશિનું ઝીણવટ પૂર્વક ધ્યાન રાખવું જોઈએ. તેને ધાવવામાં તકલીફ તો નથી કે તેને શ્વાસ તો નથી ચઢતો. આ ન્યુમોનિયાના લક્ષણો છે.
- નવજાત શિશુને ઝાડા થઈ જાય તો પણ તેને જોખમ ઊભું થઈ શકે છે.
- બાળકને ઝાડા થઈ જાય તો બેદરકારી ન રાખતાં વહેલી તકે તેને ઈસ્પિતાલમાં લઈ જઈ સારવાર અપાવવી જોઈએ.
- નવજાત શિશુને સ્નાન ન કરાવતાં સુંવાળાં કપડાંથી તેને લૂછીને સ્વચ્છ કરવું જોઈએ.
- સ્નાન કરાવવાથી તેને ઠંડી લાગી શરદી થઈ શકે છે.
- નવજાત શિશુને છ મહિના સુધી ફક્ત સ્તનપાન જ કરાવો, કારણ કે માતાનું ધાવણ જ તેના માટે સમતોલ અને પૂરતો આહાર છે.
- ઠંડી, ગરમી હોય તો પણ તેને પાણી, ગળથૂથી, ગ્લુકોઝ, ચા, શરબત, જ્યુસ વગેરે ન આપો. આ પીણાં આપવાથી બાળકનું ધાવણચક્ર તૂટી જાય છે. વળી, આવાં પીણાં આપવાથી ચેપ લાગવાની સંભાવના વધી જાય છે.

## પ્રેરણા

**નદી વહેતી અટકે છે અને ગંદકી પેદા થઈ જાય છે. પૈસો ફરતો અટકે છે અને સમાજમાં બેકારી પેદા થઈ જાય છે. માણસ પોતાની પાસે રહેલી શક્તિઓનો વિનિયોગ કરતો અટકી જાય તો એનું પોતાનું જીવન વિકાસ પામતું અટકી જાય છે.**

# પરદેશ ગમન



ભરૂચના વતની, હાલ ચાંદખેડા અમદાવાદ ખાતે સ્થાયી થયેલા શ્રી પંકજકુમાર કૃષ્ણલાલ મહેતા તથા શ્રીમતી યોગિનીબેન પંકજકુમાર મહેતાના સુપુત્ર **શ્રી દિપેનકુમાર મહેતા** હોસ્પિટાલિટી મેનેજમેન્ટના ઉચ્ચ અભ્યાસ અર્થે સિંગાપુર પ્રસ્થાન કરી ગયા છે. શ્રી દિપેન મહેતાને ભટ્ટ મેવાડા વર્તમાન પરિવાર હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

**મેયર....** (પાન ૩નું શેષ) પણ બને તેટલો ઓછો કરતાં. પંડિતજી મેયર તરીકે યુરોપ, લંડન, ઈટાલીના પ્રવાસે ગયા ત્યારે તેમને મ્યુનિસિપાલિટી તરફથી આપવામાં આવેલા દસ હજાર ડોલર પરત આવ્યા ત્યારે પાછા જમા કરાવી દીધેલા. કોઈ મોટો ખર્ચ જ ન હતો કર્યો.

મ્યુનિસિપલ કોર્પોરેશન-માં ગુજરાતીમાં વહીવટ પંડિતજીએ જ કરાવ્યો હતો. અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વીસમાં મનપસંદ પ્રવાસ યોજના પણ પંડિતજીએ જ શરૂ કરાવી હતી, જે આજે પણ સુધારા-વધારા સાથે અમલમાં છે. મેયર તરીકે ભાવ વધારા સામે ઉપવાસ પર બેઠા પછી પંડિતજીની તબિયત લથડવા માંડી. વાડીલાલ હોસ્પિટલ જાણે બીજું ઘર બની ગઈ હતી. માંદગીના કારણે તા. ૧૫-૨-૧૯૯૩ના રોજ પંડિતજીનું અવસાન થયું ત્યારે આખું ખાડિયા રડ્યું હતું. પંડિતજીના અગ્નિ સંસ્કાર માટે ચંદનના લાકડા પણ એવા સામાન્ય લોકો લઈ આવ્યા હતા કે જેમની પંડિતજીએ ભૂતકાળમાં સેવા કરી હોય.

જાણે એક જિંદગી લોકસેવા માટે ઓછી પડી હોય તેમ પંડિતજીએ અમદાવાદના સંસ્કાર કેન્દ્ર ખાતે યોજાયેલા પોતાના સન્માન સમારંભમાં કહ્યું હતું કે પ્રભુ બીજો જન્મ પણ સેવા કરવા આપજે અને બને તો ખાડિયામાં જ આપજે.

રવિશંકર મહારાજ અને ઈન્દુલાલ યાજ્ઞિક પછી એક 'ઓલિયા આદમી' અને 'ફકીર નેતા' તરીકે સ્વ. શ્રી જયેન્દ્રભાઈ પંડિતનું સ્થાન અકબંધ રહેશે.

# A mail from GOD

**તારીખ :** આજની જ

**પ્રતિ,**
તમોને જ

**વિષય :** જિંદગી અને તમે !

**ભાઈશ્રી/બહેનશ્રી,**

હું ભગવાન - આજે તમને બે શબ્દો લખવા માંગું છું. ધ્યાનથી વાંચજો. આજે તમારી જિંદગીના બધા જ પ્રશ્નોનું નિરાકરણ કરી શકાય તેવો રસ્તો તમને બતાવવાનો છું. એટલું યાદ રાખજો મારે તમારી મદદની કોઈપણ જગ્યાએ જરૂર પડવાની નથી. હું તમારી પાસે સીધો આવવાનો પણ નથી. તમારે ફક્ત નીચેના મુદ્દાઓ યાદ રાખવાના છે અને એ મુજબ પાલન કરવાનો પ્રયત્ન કરવાનો છે :

(૧) જિંદગી તરફથી એવી કોઈ સમસ્યા ઊભી થાય કે જે તમારાથી હલ ન થઈ શકે તો એને મારા નામની પ્રાર્થનાના પોસ્ટબોક્સમાં મૂકી દેવી. એના ઉપર - ભગવાનને માટે - એવું અવશ્ય લખવું. એક વખત બોક્સમાં સમસ્યા મૂક્યા પછી વારંવાર એને બહાર કાઢીને તપાસ્યા ન કરવું. એનું નિરાકરણ ચોક્કસ થશે, પણ હા ! મારા સમયે, તમારા સમયે નહીં !

(૨) તમે ધંધાની કોઈ આફતમાં ઘેરાઈ જાવ તો મૂંઝવણ ન અનુભવશો. ફક્ત એવા માણસોને યાદ કરજો કે જેની પાસે ધંધો જ નથી.

(૩) ટ્રાફિકમાં ક્યારેય પણ ફસાવ તો અધીરા ન થશો, એવા લોકોને યાદ કરજો કે જેને માટે કાર ચલાવવી એ એક પરીકથાની વસ્તુ જેવું હોય.

(૪) તમારા શેઠ કે સાહેબ તમને ક્યારેક ખિજાય તો એવા માણસોનો વિચાર કરજો કે જેમના નસીબમાં કામ કે નોકરીમાં કામ કે નોકરી લખાયા જ ન હોય. જે સાવ બેકાર હોય.

(૫) તમારો એકાદ રવિવાર કે રજા ખરાબ જાય તો દુઃખી થવાને બદલે એવા લોકોનું સ્મરણ કરી લેજો કે જેને કુટુંબનું પેટ ભરવા માટે રોજરોજ કપરી મજૂરી કરવી પડતી હોય. જેનો એક પણ રવિવાર રજાનો દિવસ જ ન હોય.

(૬)ક્યારેક વાહન વગર ચાલવાનું થાય તો અફસોસના બદલે બંને પગ જેને પેરાલિસિસ કે લકવો થયો હોય તેવી વ્યક્તિને યાદ કરજો. એમને એકાદ ડગલું પણ ચાલવા મળે તો કેટલો આનંદ પામે એનો વિચાર કરજો.

(૭)તમારી જિંદગીએ તમને શું આપ્યું છે એવો વિચાર કદીકેય આવે તો એવા લોકોને યાદ કરજો કે તમારા જેટલી ઉંમરે પહોંચ્યા જ ન હોય એ પહેલાં જ જેને મૃત્યું આંબી ગયું હોય.

(૮)કોઈ તમારી સાથે ખૂબ જ ખરાબ વર્તન કરે, તમારૂં અપમાન કરે, તમને નુકશાન પહોંચાડે તો પણ ખુશ એ વાતથી થજો કે તમે એ વ્યક્તિ નથી !

(૯)કોઈ દિવસ અરીસામાં એકાદ સફેદ વાળ જોઈ જાવ તો કેન્સરથી પીડાતાં નાનાં બાળકો કે નાની ઉંમરની વ્યક્તિઓને યાદ કરજો કે જે પોતાને વાળ હોય તેવી આશા રાખતાં હોય.

અને છેલ્લે...

હું તમારા પ્રશ્નોનું નિરાકરણ કરીશ જ, વિશ્વાસ રાખજો પણ ત્યાં સુધીમાં જો તમને આ બાબતો ગમી હોય તો તમારા મિત્રોને, સગાવહાલાઓને મોકલજો અને એમનો દિવસ પણ સુધારજો અને લોકો પણ નિશ્ચિંત થઈ જાય તેવું કરજો.

**એ જ,**

ભગવાનની આશિષ.

**- સંકલન : શ્રી યોગેશભાઈ ભટ્ટ, ગાંધીનગર**

# વિનામૂલ્યે વૈવાહિક વિજ્ઞાપનની મુદત લંબાવાઈ

ભટ્ટ મેવાડા વર્તમાનમાં વૈવાહિક વિજ્ઞાપનો વિનામૂલ્યે છાપવામાં આવે છે. આ વિજ્ઞાપનો ૧૫-૩-૨૦૧૦ના અંક સુધી વિનામૂલ્યે પ્રસિધ્ધ કરવામાં આવશે. જ્ઞાતિના જે સભ્યોએ ભટ્ટ મેવાડા વર્તમાનનું વાર્ષિક લવાજમ ભર્યું હશે તેમના પરિવારના સભ્યોની જ જાહેરખબર વિનામૂલ્યે છાપવામાં આવશે.

આથી આવી જાહેરખબર આપનારે લવાજમ ભર્યાની રસીદનો નંબર અને તારીખ અચૂક લખવા જણાવવામાં આવે છે.

# 'ભટ્ટમેવાડા વર્તમાન'ના પ્રતિનિધિઓ

**હિંમતનગર**

શ્રી સૌરભભાઈ આર. ભટ્ટ
૧૦, રક્ષિત ટેનામેન્ટસ્,
એવન સોસાયટી,
મોતીપુરા, હિંમતનગર.
ફોન : ૨૨૯૮૬૬

**મોડાસા**

શ્રી રમેશભાઈ ટી. ઉપાધ્યાય
૧૧૦, રામપાર્ક સોસાયટી,
બસ સ્ટેન્ડ પાછળ, મોડાસા.
ફોન : ૨૪૭૧૧૩

# સંયુક્ત કુટુંબ અને સમાજ

**- નારાયણભાઈ એમ. ભટ્ટ (હિંમતનગર - MA)**

આજની દુનિયામાં સમાજમાં અનેક પ્રકારની વિષમતા, વિટંબણા તથા તણાવ જોવા મળે છે. ભૌતિક વિકાસ, આર્થિક સદ્ધરતા તેમજ શૈક્ષણિક ગુણવત્તા પ્રાપ્ત કરી હોવા છતાં સમાજમાં મીઠાશ, પ્રેમ તથા શાંતિ અને ભાઈચારાનાં દર્શન થતાં નથી.

પહેલાંના સમયમાં ઉપરોકત ક્ષમતા તથા સગવડો ન હોવા છતાં કુટુંબો પ્રેમથી આનંદથી જીવન વ્યતિત કરતાં અંગ્રેજીમાં કહ્યું છે કે Man is a Social Animal માણસ સામાજિક પ્રાણી છે તે સમાજના તાણા-વાણાથી ગુંથાયેલ છે અને તેમાંજ તેની શાંતિ, પ્રગતિ સમાયેલી છે. પરંતુ આજના ભૌતિકવાદે આ સમજનો છેદ ઉડાડી દીધો છે. આજની વ્યક્તિને સ્વતંત્રતા તથા કોઈની પણ રોકટોક પસંદ નથી. લગ્ન કર્યુ અને તુરતજ કુટુંબમાંથી જુદા થવાની તાલાવેલી લાગે છે. હું અને મારું કુટુંબ એ ભાવનામાં રાચે છે. અમે અને અમારાં કૌટુંબિક સભ્યો એ શબ્દ ભૂલાઈ જાય છે. કારણ કે તેમને ફક્ત તેમના જ વિકાસ-પ્રગતિમાં રસ છે. પોતાની આવક પોતાના માટે એટલે કે પત્ની તથા બાળકો માટે જ છે તેમ નિર્ધારે છે અને ભલે તે આર્થિક રીતે સુખી દેખાય પરંતુ માનસિક રીતે તથા સામાજિક રીતે તો દુઃખી છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ આરોગ્યની વ્યાખ્યા કરતાં જણાવેલ છે કે માણસ ફક્ત શારિરીક તંદુરસ્ત હોય તેને જ સુખી કરી શકાય નહીં (આપણે ત્યાં પહેલાં ''પહેલું સુખ તે જાતે નર્યા'' એમ કહેવાતું) પરંતુ સંપૂર્ણ શારિરીક, માનસિક તથા સમાજીક તંદુરસ્તી હોય. તેજ સાચો સુખી સમૃદ્ધ છે.

આપણે પહેલાં આપણા ત્યાં તથા સૌરાષ્ટ્રમાં પણ સંયુક્ત કુટુંબનો અનુભવ લીધેલ છે, જેમાં ઘર ગોકુલ, મથુરા વૃંદાવન જેવું હતું. ઘરના મોભી દાદા-દાદી ઘર તથા બાળકોની કાળજી રાખતાં તથા દીકરા-વહુ ખેતરમાં પ્રવૃત્ત રહેતાં સવારે નાસ્તો કરી ખેતરમાં જાય બપોરે ઘરે આવી જમી આરામ કરે અને સાંજે ખેતીકામ કરે. નાના બાળકોને દાદા-દાદી ઘોડીયામાં હિચોળે તથા તેમને ગોળ તથા રોટલો અને છાશનું શિરામણ આપે. સાંજે બધા પરિવાર સાથે જમે. આ મંગળમય દૃશ્ય - વાતાવરણ ભાગ્યશાળીને પ્રાપ્ત થાય. સંયુક્ત કુટુબમાં વ્યક્તિગત કોઈ ચિંતા નહીં બાળકોના અભ્યાસનો પ્રશ્ન હોય કે લગ્ન પ્રસંગ હોય સર્વ ઘરના મોભીજ ઉપાડે.


With Best Compliments From

**Ritesh Mehta** (M.Com.) **(M) 98240 49997**
**Ph. : 241 7379**

**Chandan Distributors**

***Surgical Products and Rehabilitation Aid***
***Vissco, Flamingo, Accuchek, Diamond, Omron Hicks***

Vadi Wadi, Behind Shiyapura Police Chowkey,
Near Tower Raopura, Vadodara - 390 001.
E-mail : chandsurgi@yahoo.com

**Ramesh Mehta** **(M) 98240 14997**

**Mehta Associats**

***LAND DEVELOPERS & PROJECT CONSULTANT***

B/h. Shiyapura Police Chowkey, Vadi Wadi,
Raopura Tower, Vadodara - 390 001.
Tele No. (0265) 241 3157 Fax : (0265) 241 7379
E-mail : mehtaprocon@yahoo.co.in


સૌરાષ્ટ્રના ઉપલેટામાં આ લેખકને એક ઓડેસરા (સોની) કુટુંબના ત્યાં મહેમાન થવાનું થયું હતું. આ કુટુંબમાં પાંચ દિકરા હતા. એક દિકરો મુંબઈ ધંધાર્થે હતો. જ્યારે ચાર દિકરા ઉપલેટામાં ધંધો કરતા હતા. જમતી વખતે પગ નીચે ઢીંચણીયા રાખી ચાર ભાઈ સાથે અમો જમતા હતા. માજી દરેકને પીરસતા હતા. અને ચાર વહુઓ રસોડામાં રસોઈ અંગે કાર્યરત હતા. શું જમવામાં આનંદ અને મીઠાશ હતી. મેં આ ભાઈઓને સંયુક્ત કુટુંબ અંગે પૂછતાં તેમણે જણાવેલ કે અમો સંતુષ્ટ છીએ દર વર્ષે તમામ સભ્યોને વસ્ત્રો, વ્યવહાર અંગે પૈસા આપીએ છીએ અને જે ભાઈ મુંબઈ હતો તેની પુત્રીનું લગ્ન હતું જે માટે તેણે તથા તેની પત્નીને કોઈ ચિંતા કરવાની ન હતી કારણ કે બધી જ વ્યવસ્થા ઘરે ચાર ભાઈઓએ મળી કરી હતી. તે ભાઈ તો જાણે મહેમાન હોય તેમ આવવાનો હતો કેટલી માનસિક શાંતિ. આજ પ્રસંગ અલાયદા રહેતી વ્યક્તિના ત્યાં હોય તો ત્રણ મહિનાથી પ્લાનીંગ થાય, ઊંઘ ઉડી જાય. ટેન્શન વધી જાય અને જ્યાં સુધી અવસર પતે નહીં ત્યાં સુધી તણાવ રહે. પૈસાનું પાણી થાય પરંતુ હું અને મારી પત્ની અને બાળકો એજ મારું સર્વસ્વ એમ માનનાર માનવી પૈસા કમાવામાં, કુટુંબની જરૂરીયાતો મકાન-અભ્યાસ વગેરે ઊભી કરવામાં જે શારિરીક માનસિક વિટંબણા ભોગવે છે તેમાંથી તે હાઈબ્લડ પ્રેશર, ડાયાબીટીસ તથા કોલેસ્ટરોલ જેવા રોગોને આમંત્રણ આપે છે અને આખી જીંદગી ગોળીઓના સહારે વિતાવે છે. વ્યક્તિ ભલે પોતાનો ચોકો અલગ રાખે પરંતુ તેનામાં કૌટુંબિક ભાવના અવશ્ય હોવી જોઈએ. જરૂર પડે ભાઈ-બહેનના પરિવારને યથાશક્તિ મદદ-આર્થિક તથા શૈક્ષણિક મદદ માટે જાગૃત રહેવું જોઈએ. Help us to Help You આ વાક્યની યથાર્થના સિદ્ધ કરવી જરૂરી છે. આ વ્યક્તિગત જીવન જીવનાર માણસ પોતે જીવનમાં મુશ્કેલીમાં મુકાય અથવા ઘરભંગ થાય ત્યારે તેને સંયુક્ત કુટુંબ અર્થાત કૌટુંબિક ભાવનાની કિંમત જણાય. આજના યુગમાં માણસે આર્થિક પ્રગતિ કરી કે તથા બૌધ્ધિક પ્રગતિ કરી છે. પરંતુ મારું-મારું એજ ચોખટામાં કેદ છે એને જ્યારે અમારું-આપણું આ ભાવ જ્યારે જાગૃત થશે ત્યારે તેની વિદ્યા દિપી ઉઠશે. આજના યુગમાં સંયુક્ત કુટુંબનો અર્થ એકજ ગામ શહેરમાં ભેગા જ રહેવું એ શક્ય નથી. આજના વૈજ્ઞાનિક યુગમાં વ્યક્તિને ધંધાર્થે - નોકરી અર્થે વતનથી દૂર જવાની જરૂર પડે છે. પણ તે વ્યક્તિ પોતાના અન્ય ભાઈ-ભાંડુઓ સાથે માનસિક તથા સામાજિક તાણા-વાણાથી સ્વૈચ્છિક પ્રેમથી બંધાયેલો હોય તો તે સંયુક્ત કુટુંબનો જ સભ્ય ગણાય. જો આ ભાવના દરેક વ્યક્તિમાં હશે તો સમાજનું ઉત્થાન થશે. સમાજનું ઉત્થાન થશે તો દેશની પ્રગતિ થશે એ નિર્વિવાદ છે.

## વર જોઈએ છે

## કૃર્યાત સદા મંગલમ્

નામ : નિધિ પાઠક
જન્મ તારીખ : ૨૫-૧૨-૧૯૮૪
અભ્યાસ : એમ.કોમ.
ગોત્ર :
ઊંચાઈ : ૫'.૩''
વતન : અમદાવાદ
સંપર્ક : જયેશભાઈ પાઠક
૨૬૬૦૧૦૦૫

---

નામ : ગીતાબેન કે. જોષી
જન્મ તારીખ : ૧૦-૧૧-૧૯૭૨
અભ્યાસ : એમ.એ.
ઊંચાઈ : ૫'.૫''
વતન : પારાશર
સંપર્ક : કાંતિભાઈ જોષી
૦૨૭૬૩-૨૫૨૮૫૨

---

નામ : મેઘના પી. પંડ્યા
જન્મ તારીખ : ૬-૯-૧૯૮૩
અભ્યાસ : બી.કોમ.,
પી.જી.ડી.એમ. સીએ
ગોત્ર : શાંડિલ્ય
ઊંચાઈ : ૫'.૩''
વતન :
સંપર્ક : પ્રકાશ સી. પંડ્યા
૯૯૨૪૩૧૭૭૫૦

---

નામ : કિંજલ હેમંતકુમાર જોષી
જન્મ તારીખ : ૯-૯-૧૯૮૫
અભ્યાસ : એમ.કોમ., ડી.એફ.એમ.,
પી.જી.ડી.બી.એમ.
(ફાયનાન્સ)
ઊંચાઈ : ૫' ૬''
ગોત્ર : પારાશર
રહેઠાણ : વિજાપુર
સંપર્ક : હેમંતકુમાર જોષી
(૦૨૭૬૩) ૨૨૩૭૩૧

---

નામ : હેતલ પોપટલાલ જોષી
જન્મ તારીખ : ૨૨-૩-૧૯૮૬
અભ્યાસ : બી.એ. પીટીસી
વ્યવસાય : વિદ્યાસહાયક
માસિક આવક : રૂા. ૨૫૦૦/-
ઊંચાઈ : ૫' ૨''
સંપર્ક : પંકજ જોષી,
૯૪૨૮૪ ૩૬૩૧૦

---

નામ : ભૂમિકા પ્રકાશભાઈ જોષી
જન્મ તારીખ : ૫-૧૧-૧૯૭૮
અભ્યાસ : બી.કોમ.
વ્યવસાય : રિલાયન્સ મની - ભરૂચ
ઊંચાઈ : ૫'
ગોત્ર : પારાશર
વતન : કુકરવાડા
સંપર્ક : પ્રકાશભાઈ જોષી
(૦૨૬૪) ૨૨૬૯૭૩૦

---

નામ : દેવિકા કિરણભાઈ પાઠક
જન્મ તારીખ : ૧૯-૯-૧૯૮૬
અભ્યાસ : એમ.કોમ.,
આઈસીએ ડબલ્યુએ
(પરીક્ષા આપી છે)
વ્યવસાય : ટોરેન્ટ ફાર્માસ્યુટીકલ્સમાં
નોકરી
ગોત્ર : કાત્યાયન
ઊંચાઈ : ૫' ૫''
વતન : અમદાવાદ
સંપર્ક : કિરણભાઈ પાઠક
૦૭૯ ૨૬૬૧૩૭૨૯
૯૯૨૪૪ ૬૨૧૦૫

## કન્યા જોઈએ છે

નામ : પરાગ મહેશભાઈ પંડ્યા
જન્મ તારીખ : ૨-૨-૧૯૮૩
અભ્યાસ : બી.એસ.સી. (કેમેસ્ટ્રી)
પીટીસી
વ્યવસાય : ફાર્માસ્યુટીકલ
કંપનીમાં નોકરી
ગોત્ર : ગર્ગ
ઊંચાઈ : ૫' ૭''
રહેઠાણ : વિજાપુર (ઉ.ગુ.)
સંપર્ક : મહેશભાઈ પંડ્યા
૯૯૧૩૮ ૩૫૪૭૨
૯૯૨૫૩ ૦૮૩૩૭

---

નામ : પ્રજ્ઞેશ વિનોદકુમાર ઉપાધ્યાય
જન્મ તારીખ : ૭-૫-૧૯૭૧
અભ્યાસ : એસ.વાય. બી.કોમ.
વ્યવસાય : રિલાયન્સ મની - ભરૂચ
ઊંચાઈ : ૫' ૫''
વતન : વિજાપુર
ગોત્ર :
સંપર્ક : ઉષાબેન

---

નામ : શૈલવ રમેશચંદ્ર ભટ્ટ
જન્મ તારીખ : ૧૫-૧૧-૧૯૮૩
અભ્યાસ : એમ.કોમ.
વ્યવસાય : નોકરી
ઊંચાઈ : ૫' ૬''
વતન : ભરૂચ
ગોત્ર :
સંપર્ક : ખુશવદનભાઈ ભટ્ટ
૦૭૯ - ૨૭૪૧૨૯૧૫

આજે જ આપનું લવાજમ બુક કરાવો
ફક્ત રૂા. ૫૦/-
સુકૃતિ, પ્લોટ નં. ૬૮/૧,
સેક્ટર-૩ એ (ન્યુ), ગાંધીનગર.

## કન્યા જોઈએ છે

નામ : કુશાલ ડી. વ્યાસ
જન્મ તારીખ : ૨-૬-૧૯૮૪
અભ્યાસ : બી.એસસી. (ફાયર)
વ્યવસાય : જી.એ.સી.એલ.માં
ફાયર ઈન્સ્પેક્ટર
ગોત્ર : ગર્ગ
વતન : મહાદેવ ગ્રામ, તા. મોડાસા
રહેઠાણ : ૧૪, વ્રજપાર્ક, લાલબાગ,
કુંભારવાડા, વડોદરા
દેવેન્દ્ર કે. વ્યાસ
સંપર્ક : ૯૩૭૪૯ ૬૯૯૦૧

---

નામ : કૌશિક ડી. વ્યાસ
જન્મ તારીખ : ૭-૭-૧૯૮૬
અભ્યાસ : ડિ. ઈન સિવીલ એન્જી.
ગોત્ર : ગર્ગ
વતન : મહાદેવગ્રામ, તા. મોડાસા
રહેઠાણ : ૧૪, વ્રજ પાર્ક, લાલબાગ,
કુંભારવાડા, વડોદરા
સંપર્ક : દેવેન્દ્ર કે. વ્યાસ
૯૩૭૪૯૬૯૯૦૧

---

નામ : ભાનુપ્રસાદ એચ. વ્યાસ
જન્મ તારીખ : ૨૨-૬-૧૯૭૮
અભ્યાસ : બી.કોમ.
વ્યવસાય : સેલ્સ મેનેજર
માસિક આવક : રૂા. ૨૦,૦૦૦/-
ગોત્ર : પારાશર
ઊંચાઈ : ૫'.૬''
વતન : ઓઢા તા. બાયડ
રહેઠાણ : દિલ્હી
સંપર્ક : હસમુખભાઈ વ્યાસ
૦૯૮૧૮૬ ૫૮૮૭૭

---

નામ : હાર્દિક જગદીશભાઈ પંડિત
જન્મ તારીખ : ૧૦-૯-૧૯૭૭
અભ્યાસ : બી.કોમ. એમ.એસ.
ઓફિસ તથા ટેલી. ૯.૦
વ્યવસાય : એકાઉન્ટન્ટ
માસિક આવક : રૂા. ૧૦,૦૦૦/-
ગોત્ર : વચ્છસ
ઊંચાઈ : ૫'.૧૧''
રહેઠાણ : ૧, સ્વીટ હોમ એપાર્ટમેન્ટ,
પુનિત આશ્રમ પાછળ,
મણિનગર, અમદાવાદ-૮
સંપર્ક : જગદીશભાઈ પી. પંડિત
૦૭૯ - ૨૫૪૬૨૬૯૦

---

નામ : ધવલ નવીનચંદ્ર જોષી
જન્મ તારીખ : ૨૪-૪-૧૯૮૧
અભ્યાસ : બી.કોમ.
વ્યવસાય : એકાઉન્ટસ ઓફિસર (મુંબઈ)
માસિક આવક : રૂા. ૨૩,૦૦૦/-
ગોત્ર : વચ્છસ
ઊંચાઈ : ૫'.૬''
સંપર્ક : નવીનચંદ્ર જોષી
૯૭૨૭૧ ૯૮૨૩૮
૯૯૭૮૭ ૫૨૮૭૬

---

નામ : મોનાર્ક અનંતકુમાર જોષી
જન્મ તારીખ : -૭-૧૯૭૯
અભ્યાસ : બી.એસ.સી.,
એમ.બી.એ.
વ્યવસાય : ખાનગી કૉલેજમાં
લેક્ચરર
ગોત્ર : પારાશર
ઊંચાઈ : ૫'.૮''
સંપર્ક : મોનાર્ક જોષી
૯૪૨૮૪ ૪૨૭૨૮
૯૪૨૭૨ ૮૪૦૬૧

---

નામ : પરાગ ઈન્દ્રવદન દવે
જન્મ તારીખ : ૧૩-૧૨-૧૯૭૯
અભ્યાસ : એમ.કોમ.
વ્યવસાય : ડીસ્ટ્રીક્ટ ફાયનાન્સ
ઓફિસર, સુરત
માસિક આવક : રૂા. ૨૦,૦૦૦/-
ગોત્ર : કાત્યાયન
ઊંચાઈ : ૫'.૫''
સંપર્ક : ઈન્દ્રવદન દવે
૦૭૯ - ૨૭૪૩૭૧૨૭

---

નામ : દેવાંગ ઈન્દ્રવદન દવે
જન્મ તારીખ : ૨૮-૬-૧૯૭૮
અભ્યાસ : આઈ.ટી.આઈ.
વ્યવસાય : બીલ્ડીંગ મટીરીયલ
સપ્લાયર
માસિક આવક : રૂા. ૮,૦૦૦ - ૧૦,૦૦૦
ગોત્ર : કાત્યાયન
ઊંચાઈ : ૫' ૮''
વતન : ઈન્દ્રવદન દવે
સંપર્ક : ૦૭૯ - ૨૭૪૩૭૧૨૭

---

નામ : અર્પણ ગૌતમ જોષી
જન્મ તારીખ : ૨-૮-૧૯૮૩
અભ્યાસ : બી.ઈ. ઈલેક્ટ્રોનીક
વ્યવસાય : ડબલ્યુ.એન.એચ.
(મુંબઈ) આસી. મેનેજર
ગોત્ર : પારાશર
રહેઠાણ : વલસાડ
ઊંચાઈ : ૫' ૧૦''
સંપર્ક : ગૌતમભાઈ
૯૦૧૬૯ ૯૬૯૬૨
૯૩૨૭૭ ૯૩૬૯૯

---

નામ : ધવલ હરીશકુમાર ભટ્ટ
જન્મ તારીખ : ૧૪-૧૨-૧૯૮૫
અભ્યાસ : બી.કોમ., પી.જી.ડી.એ.
વ્યવસાય : એડીશનલ કોર્ટ, મોડાસમાં
ગોત્ર : વત્સ
વતન : રાયગઢ
રહેઠાણ : હિંમતનગર
સંપર્ક : હરીશભાઈ ભટ્ટ
૯૯૭૮૭ ૫૫૪૯૫
૯૯૭૯૨ ૧૯૮૭૩

Owner, Printer, Publisher & Editor : Ashokkumar Krishnalal Mehta, Printed : Capital Offset, Plot No. L-801/1, G.I.D.C., Sector-28, Gandhinagar. Published : "Sukruti", Plot No. 68/1, Sector-3/A (New), Gandhiangar. (GUJARAT)